અપીલ અરજી નં.૨૦૭ તા.૧૩–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**હુકમઃ–**

**વિષય :–**આર ટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ અરજીથી વેડરોડ વિશ્રામ નગર સોસાયટીની પાછળ આવેલી ટૂંકી ત્રીવેણી સોસાયટીમાં કેટલા માળની પરવાનગી છે અને કેટલા માળના બાંધકામો થયા છે તેમજ સીઓપીની જગ્યાઓ ઉપર કોઈ બાંધકામ છે હા કે ના બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૩–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૭/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ અરજીથી વેડરોડ વિશ્રામ નગર સોસાયટીની પાછળ આવેલી ટૂંકી ત્રીવેણી સોસાયટીમાં કેટલા માળની પરવાનગી છે અને કેટલા માળના બાંધકામો થયા છે તેમજ સીઓપીની જગ્યાઓ ઉપર કોઈ બાંધકામ છે હા કે ના બાબતે (૬) મુદ્દાની માંગેલી માહિતીનો કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૫ તા.૧૮–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.એન.ઝેડ/આ.૫૬૪૩ અને એન.ઝેડ/આ.નં.૫૫૯૪ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઉપલબ્ધ માહિતી રૂબરૂમાં આપવામાં આવેલ હોઈ અને અરજી દફતરે કર્યાની એન.ઝેડ/૫૬૪૩ તા.૨૪–૧૦–૦૮ થી નકલ અત્રે પૂરી પાડેલ છે. અરજદારે તેની ૨૨–૧૦–૦૮ ની ડે.કમિશ્નર (પઅનેઈ) અને નોડલ ઓફિસર આરટીઆઈ સેલને સંબોધીને કરેલ તથા કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને આપેલ નકલ ધરાવતી અરજીમાં જણાવ્યા અનુસાર માહિતી અંગે અપીલ અરજી કરવામાં આવેલ જે માહિતી મને મળી ગયેલ હોઈ હવે માહિતી જરૂર રહેતી નથી જેથી અપીલ રદ કરવા તથા જાહેર માહિતી અધિકારીએ એન.ઝેડ/આ.નં.૫૫૯૪ તા.૨૪–૧૦–૦૮ થી અપીલ અરજી રદ કરવા જણાવેલ છે.આમ બંને પક્ષકારો તરફથી અપીલ અરજી રદ કરી દફતરે કરવા જણાવવામા આવેલ છે

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી રૂબરૂમાં પૂરી પાડી અરજી દફતરે કર્યાની નકલ પત્ર નં.એન.ઝેડ/૫૬૪૩ તા.૨૪–૧૦–૦૮ થી પૂરી પાડેલ છે. તથા અરજદારે તા.૨૨–૧૦–૦૮ થી અપીલ રદ કરવા અને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.એન.ઝેડ/૫૫૯૪ તા.૨૪–૧૦–૦૮ થી રદ કરવા જણાવેલ હોઈ અપીલ અરજી બંને પક્ષકારોએ અપીલ અરજી રદ કરવા જણાવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,